






બનાસકાંઠા ના ધાનેરા માં આવેલી સાથી હોટલ પર અંગત અદાવત ના કારણે તલવાર વડે અસામાજિક તત્વો દ્વારા હુમલો કરતા હોટલ માં રહેલા ત્રણ લોકો ને ગંભીર ઈજા થવા પામી હતી ઘાયલો ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી ધાનેરા પોલીસે છ લોકો સામે ગુનો ધાનેરા ડીસા હાઈવે પર આવેલી હોટલ ભૂમિ માં વિપુલભાઈ તેમજ તેમના મિત્રો સાથે મળીને બેઠા હતા તે દરમ્યાન ત્યાં પાંચ છ લોકો બોલેરો ગાડી લઈને આવેલા અને ગાડી માંથી ઉતારી ગાળો બોલવા લાગેલા આ લોકો દ્વારા ગાળો બોલવાની ના પડતા શકશો ઉશ્કેરાઈ જઈ હોટલ પર તલવાર અને ધોકા વડે તૂટી પડ્યા હતા અને હોટલમાં તોડફોડ કરી હોટલમાં પડેલી ગાડીને પણ નુકશાન પહોચાડ્યું હતું અને તલવાર અને લાકડી વડે હુમલો કરતા હોટલમાં રહેલા ત્રણ લોકો ઘાયલ પણ થયા હતા લોકોનું ટોળું ભેગું થઈ જતા આ અસામાજિક તત્વો ત્યાંથી નાશી છૂટ્યા હતા અને લોકો દ્વારા ઘાયલ થયેલા લોકો ને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ ધાનેરા પોલીસને કરતા ધાનેરા પોલીસે છ લોકો સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે ત્યારે હવે આ હુમલાનું સાચું કારણ તો પોલીસ તપાસ બાદ જ બહાર આવે.

# ચંદ્રાલામાં કડવા પાટીદાર સમાજનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સંચાલિત શૈક્ષણિક સંકુલમાં જલધારા લોકાર્પણ, કોમ્યુનીટી હોલનું ખાત મુહૂર્ત તથા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ખાતે આવેલ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સંચાલિત શૈક્ષણિક સંકુલમાં જલધારા લોકાર્પણ તથા કોમ્યુનીટી હોલનું ખાત મુહૂર્ત તથા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

પ્રાંતિજ મજરા પાસે આવેલ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સંચાલિત શૈક્ષણિક સંકુલમાં રવિવારના રોજ ત્રિવેણી સમારોહ યોજાયો હતો. જેમાં સંકુલમાં ૮૦ લાખના ખર્ચે તૈયાર થનાર કોમ્યુનીટી હોલનું ખાતમુહૂર્ત સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે યોજાયું હતું. જ્યારે ૧૦ લાખના ખર્ચે તૈયાર થયેલ જલધારાનું લોકાર્પણ માજી સાંસદ હરિન પાઠક અને સંભુજી ઠાકોરના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના તેજસ્વી






તારલાઓનું સન્માન કરી ટ્રોફી આપવામાં આવી હતી. અને પાટીદાર સમાજની ત્રણ મહિલા પીએસઆઈ દિકરીઓને સમાજ દ્વારા સન્માનિત કરવામાં આવી હતી. જ્યારે આ પ્રસંગે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના ભાઈબહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ પ્રસંગે સમાજના પ્રમુખ અશોકભાઈ પટેલ, મહામંત્રી મનુભાઈ પટેલ, ઉવેશભાઈ પટેલ, બિજેશભાઈ પટેલ વગેરે સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પાલનપુરનું જ્યોર્જ ફિફથ ક્લબ ગ્રાઉન્ડ ભેંકાર બન્યુ

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર ખાતે બે બે ઈન્ટર નેશનલ ટફ વિકેટ માટેની સ્પેશ્યલ પીચ છે પરંતુ કરમની કઠણાઈ અને સ્થાનિક નેતાગીરીની નિષ્ક્રિયતાના લીધે એક સમયની ઝાહોઝલાલી ધરાવતુ ગ્રાઉન્ડ આજે ભેંકાર ભાસી રહ્યું છે. આ ક્લબ અંગ્રેજોના સાશન દરમ્યાન અસ્તિત્વમાં આવી. બાદમાં નવાબ સાહેબના શાસનમાં તેની સાચવણી કરવામાં આવી. પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર મિયાંદાદના પિતાનું વતન પાલનપુર હતુ અને એટલે મિયાદાદ પણ આજ મેદાન પર તેમને ક્રિકેટના પાઠ શીખ્યો હતો. ભારતીય ટીમના કેપ્ટન હજરૂદીન બન્યા ત્યારે સૌ પ્રથમ તેવો ભારતીય ટીમને ઈને અહી પાલનપુર ઝ્યોર્જ ફિફથ ક્લબના ગ્રાઉન્ડમાં રમવા આવ્યા હતા. ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકર, કપિલ દેવ સહિતના અનેક નામી ધુરંધર ખેલાડીઓ પાલનપુરની ભૂમિ પર આ મેદાનમાં રમ્યા હતા. તેવામાં આ મેદાનમાં છેલ્લા એક વર્ષથી ક્રિકેટ રમાઈ નથી. છેલ્લા ચાર વર્ષથી ઈન્ટ્ર ડીસ્ટીકની કોઈ પણ મેચ અહી ના રમાતા સીનીયર ક્રિકેટર નાખુશ બન્યા છે અને વહેલામાં વહેલી તકે અહી પ્રતિભાશાળી ખેલાડીઓનું ટેલેન્ટ બહાર લાવવા આ મેદાનનો મહત્તમ ઉપયોગ થાય તેવી માંગ કરી રહ્યા છે.

# ખેડબ્રહ્મા શહેરમાં બેફામ વેચાતો દારૂ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકાની અંદર ખુલ્લેઆમ દેશી તેમજ વિદેશી દારૂ બેફામ વેચાઈ રહ્યો છે, દારૂડીયા છાટકા અને જાહેરમાં બિભત્સ ગાળો બોલી અને ચેનચાળા કરી રહ્યા છે અને આવતા જતા મહિલાઓ અને બાળકોને શરમાવવુ પડે છે.

ખેડબ્રહ્મા પોલીસે બેકડીયા અને જીડીસીબલમ્ અને ખેડબ્રહ્મા શહેરમાં ફક્ત ત્રણ જગ્યાએ રેડ પાડી દારૂ પકડવામાં આવ્યા છે તે વિશે લોકમુખે ચર્ચા છે કે આ તો હપ્તા ન આપતા લોકોને જ રેડ પાડવામાં આવી છે. જ્યારે હપ્તા આપે છે તેમની સામે ખેડબ્રહ્મા પોલીસ આંખ આડા કાન કરી રહી છે.

# ગુજરાત પ્રદેશ અગ્રવાલ મહાસભાનો પદગ્રહણ સમારોહ

## પ્રદેશ પ્રમુખ તરીકે પોપટલાલ અગ્રવાલની કરાઈ નિમણુંક

અંબાજી, તા. ૨૩

ગુજરાત પ્રદેશ અગ્રવાલ મહાસભાના અધ્યક્ષ તરીકે અમીરગઢના પોપટલાલ અગ્રવાલની નિમણુંક કરાઈ છે ને સાથે અન્ય કાર્યકારીની પણ વર્ષ-૨૦૧૬-૧૭ બે વર્ષ માટેની નિમણુંક કરવામાં આવી છે. જેને લઈ આજે અમીરગઢ પાસે આવેલા માવલ ખાતે આ તમામ હોદ્દેદારોનું એક પદગ્રહણ સાથે સપથવિધિ સમારંભ યોજવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને નવા વર્ષના એજન્ડામાં બેટી બચાવો અને સ્વચ્છતા અભિયાન સાથે સમાજને સંગઠિત કરવા બાબતને અગ્ર સ્થાને લેવામાં આવી હતી. એટલું જ નહી અગ્રવાલ સમાજમાં પડેલા ભાગાં બાબતે પણ ચીંતા વ્યક્ત કરીને તમામને એક બેનર હેઠળ લાવવાના પ્રયાસો પણ આ સમય દરમિયાન કરવામાં આવશે.

જોકે આ પ્રસંગે ખાસ ગુજરાતના ઉત્તર ઝોનના મંત્રી મહેન્દ્ર અગ્રવાલે પણ સમાજ બાબતે ચિંતીત બનીને પોતાના મંતવ્ય રજુ કરતાં જણાવ્યું હતું કે અગ્રવાલ સમાજમાં હાલ તબક્કે દિકરીઓ ઓછી અને દિકરાઓનો પ્રમાણ વધુ હોવાથી કેટલીક મનમાની ચાલતા હોવાનું જીકર કરાયો હતો. જ્યારે સમાજમાં છોકરા છોકરીઓના લગ્ન કરાવવા બાબતે કેટલાક દલાલો




પણ સક્રીય બન્યા હોવાનું જણાવ્યું હતુ જે છોકરાવાળા પાસેથી ૫૦ હજારથી લાખ રૂપિયા સુધીની દલાલી વસુલતા હોવાનું ઉલ્લેખ પણ કરાયો હતો.

જ્યારે કેટલાક દલાલો મધ્યપ્રદેશ બાજુની કેટલીક છોકરીઓને સમાજની ગણાવીને પધરાવી દેતા હોવાનું પણ ભારે ચર્ચાસ્પદ બનેલ જે બાબતે પણ કેટલીક છોકરીઓ લગ્નના થોડા સમયમાંજ ઘરબાર છોડીને જતા રહેતી હોવાના કિસ્સાઓ તેમજ કેટલાક કિસ્સાઓમાં આવી કેટલીક કન્યાઓ ઘરમાંથી દરદાગીના લઈને ચાલી જતી હોવાની બાબતો પણ સમાજને ધ્યાને આવતા આ બાબતે સમાજે ચીંતા કરવાની જરૂરત હોવાનું જણાવ્યું હતું. જ્યારે અગ્રવાલ પ્રદેશ મહાસભાના સરક્ષક પાલનપુરના ડૉ. રામલાલ ઈકબાલગઢના પ્રભુદયાલજી સાથે રાજ્યના ખુણેખૂણેથી સમાજના અગ્રણી અગ્રબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા ને આ પ્રસંગે પ્રદેશ મહિલા સંગઠન તેમજ અગ્રવાલ પ્રદેશ યુવામંચનું પણ ગઠન કરવામાં આવ્યું હતું.

# ઉનાવા પાસેના પેટ્રોલપંપના કર્મીઓ પર હૂમલો કરી અજાણ્યા ઈસમોએ લૂંટ ચલાવતા ચકચાર

ઊંઝા, તા. ૨૪

આજે ઊંઝા-મહેસાણા ફોરલેન હાઈવે પર ઉનાવા પાસે એક પેટ્રોલપંપ પર બપોરના સમયે બે વાહનોમાં આવેલ કેટલાક હથિયારધારી ઈસમોએ પંપના ભાગીદાર તેમજ પંપના માણસો પર હૂમલો કરી લૂંટ ચલાવી ફાર થઈ ગયા હોવાની ઘટનાએ આ વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી.

જાણવા મળ્યા મુજબ આજે ઊંઝા તરફના ઉનાવા ગામે હાઈવે પર આવેલ સી.એન.જી અને પેટ્રોલપંપ પર બપોરના સમયે એક વાહનમાં કેટલાક શખ્સો આવ્યા હતા. આ સમયે પંપ પર ઈંધણ પુરાવવા માટે વાહનોની કતાર હોઈ સદર શખ્સોએ વહેલા ઈંધણ પુરવા માટે માંગણી કરી હતી. જેથી પંપના માણસોએ લાઈન પ્રમાણે જ ઈંધણ પુરાશે તેમ જણાવતા સદર શખ્સો ગુસ્સે ભરાઈને નીકળી ગયા હતા. બાદ બપોરના બે વાગ્યાના સુમારે બે વાહનોમાં લગભગ ૧૫ જેટલા શખ્સો હથિયારો સાથે પંપ પર આવ્યા હતા અને પંપના ભાગીદાર અલ્પેશભાઈ શાહ તેમજ પંપના અન્ય કેટલાક માણસો પર હથિયારો વડે હૂમલો કર્યો હતો. જેથી તેઓને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ઊંઝા હોસ્પિટલમાં ખસેડાયા હતા. હૂમલાખોરો પંપ પરથી કેટલીક રોકડ રકમની લૂંટ ચલાવી હતી. બાદ વાહનોમાં બેસી ક્યાંક ફરાર થઈ ગયા હતા. આ ઘટનાથી આ વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી. આ બનાવની જાણ થતાં ઉનાવા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.




પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ સુભાષચંદ્ર બોજની પ્રતિમાની સફાઈ કરી વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને નગરપાલિકા દ્વારા સુભાષચંદ્ર બોજની પ્રતિમાને પુષ્પોની માળા પહેરાવીને જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નટુભાઈ બારોટ, સતિષભાઈ પંડ્યા, વિજયભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, સુનીલદાસજી મહારાજ, રાજેશ ટેકવાણી વગેરે નગરપાલિકાના સભ્યો સદસ્યો સહિત બજરંગ દળના સ્વયંમ સેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદની મહિયલ કોલેજમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીનું રીહર્સલ યોજાયું

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓના ભાગરૂપે આજે મહિયલ કોલેજ ગ્રાઉન્ડ, તલોદ ખાતે રીહર્સલ યોજાયું હતું જેમાં કલેક્ટરશ્રી સ્વરૂપશ્રીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. અને પરેડ નિરીક્ષણયોગ નિદર્શન, ટેબ્લો નિદર્શન, પોલીસ દ્વારા વિવિધ બાઈક સ્ટન્ટ તેમજ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### સ્પીપા ડીસ્ટ્રીક્ટ ટ્રેનિંગ સેન્ટર હિંમતનગર ખાતે તાલીમાર્થીઓના પ્રવેશ મેળવવા જોગ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્પીપા ડીસ્ટ્રીક્ટ ટ્રેનિંગ સેન્ટર શરૂ થનાર છે. તેમાં યુપીએસસી દ્વારા લેવાનાર સિવિલ સર્વિસીઝની તૈયારી માટે પૂર્ણ સમયના પ્રશિક્ષણ વર્ગ શરૂ થનાર હોઈ સાબરકાંઠા જિલ્લાકક્ષાએથી ૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો થાય છે, જે અંતર્ગત પ્રવેશ માટે ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવામાં આવે છે. કોરા અરજીપત્રકો સંબંધિત મામલતદાર કચેરી ખાતેથી મળી શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ સંપૂર્ણ વિગતો સાથે અરજી પત્રક ભરી નાયબ કલેક્ટર કચેરી, એ-બ્લોક, બીજો માળ, જિલ્લા સેવાસદન, બહુમાળી ભવન, હિંમતનગરને તા. ૮-૨-૨૦૧૬ સુધીમાં બંધ કવરમાં ટપાલ મારફત મોકલી આપવાના રહેશે. કોઈપણ વિષયના સ્નાતકની પદવી ૭૦ ટકા કે તેથી વધુ ગુણ ધરાવનાર ઉમેદવાર અરજી કરી શકશે. અરજદારે સ્નાતક/અનુસ્નાતક અભ્યાસ દરમ્યાન મેળવેલ ગુણની ટકાવારી તેમજ ભુતકાળમાં જી.પી.એસ.સી. તથા યુ.પી.એસ.સી.ની પરીક્ષા કોઈપણ સ્તરે પાસ કરેલ હોય તો તે બાબતોને પસંદગીમાં અગ્રતાક્રમ માટે ધ્યાને લેવામાં આવશે. પ્રવેશ કાર્યવાહી સ્પીપાના નિયત માપદંડ મુજબ કરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયા અંગે જિલ્લા કલેક્ટરશ્રી, સાબરકાંઠાનો નિર્ણય આખરી રહેશે.

# કાણોદર ગામે ૧૩ લાખનો દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

પાલનપુર, તા. ૨૪

કાણોદર ગામે નાઈટ પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે પાલનપુર તાલુકા પોલીસે રૂ. ૧૩ લાખની કિંમતનો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. જેમાં બે આરોપીની ધરપકડ કરી પોલીસે ૨૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઈ બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



પાલનપુર તાલુકા પોલીસમથકની ટીમ કાણોદર ગામે નાઈટ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન હરિયાણા પાસિંગની દારૂ ભરેલી ટ્રક અંગે બાતમી મળી હતી જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. અને બાતમી હકીકતવાળી ટ્રક નં. એચ.આર.૪૭.બી.૨૫૬૪ને ઝડપી તેની તપાસ કરતા વગર પાસ પરમીટની વિદેશી દારૂની ૩૭૮ પેટી બોટલ નંગ ૫૬૧૬ (કિં. રૂ. ૧૩,૧૮,૮૦૦) જપ્ત કરી હતી અને બે આરોપી કરણસિંહ લાલચંદ યાદવ (રહે. હરિયાણા) અને સોનુ ઉર્ફે છગનલાલ ચાંદમલજી જૈનની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ રૂ. ૧૩ લાખની કિંમતનો દારૂ અને ટ્રક મળી કુલ રૂ. ૨૩,૨૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને આ બે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાં ઘર સામાન બહાર ફેંકી દેતા આઠ વિરૂદ્ધ એટ્રોસીટીની ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્માના રહીશ ભરતભાઈ પ્રેમચંદજી પરમાર રાવળવાસમાં રહે છે અને સને ૨૦૦૨માં રાવળવાસમાં જાકીરહુસેન અબુબકર મેમણનું બે માળનું મકાન હતુ તેમાં ઉપરનો ભાગ ભાડે રહેવા માટે રાખેલ હતો. ત્યારબાદ ગોધરાકાંડ થતા જાકીરભાઈ વિગેરે શહેર છોડી વડાલી રહેવા જતા રહેલ અને ત્યારબાદ જાકીરભાઈએ મકાન વેચવાનું હોઈ સને૦૬માં ભરતભાઈએ આ મકાન ૧,૮૫,૭૮૬ રકમ નક્કી કરી પાડોશમાં રહેતા રસીદાબેન નાથુભાઈ લુહાર, હુસેનભાઈ નાથુભાઈ લુહાર તથા હરીભાઈ ખુશાલભાઈ ઠાકોરની સાક્ષીમાં મકાન વેચાણ રાખેલ હતુ. આ મકાનની કિંમત જે તે દિવસે રૂ. ૭૮૬ બાના પેટે આપી અને તેના ચાર દિવસ બાદ રૂ. ૫૦ હજાર રોકડા રસીદાબેન નાથુભાઈ લુહારની સાક્ષીમાં શરીફાબેન અબુબકર મેમણ તથા ફકીરમહંમદને આપેલ હતા અને ૫૦ હજાર તા. ૧૬-૩-૦૭ના રોજ ચેકથી આપેલ હતા. તથા તા. ૧૨-૨-૦૯ના રોજ ૨૯,૯૦૮ તથા ૧૯,૮૪૦ રોકડા જાકીરભાઈના બેંક લોન ખાતામાં નાંખેલ હતા. ત્યારથી આ મકાનનો કબજો ભોગવટો ભરતભાઈ પાસે હતો. પરંતુ આ મકાન અબુબકરના નામે આવેલ હોઈ અને તેઓ મરણ ગયેલ હોઈ વારસાઈ ન થયેલ હોઈ તેથી ભરતભાઈએ બાકીની રકમ બાકી રાખેલ મકાન ટ્રાન્સરફેર થતા તે રકમ આપવાનું નક્કી થયેલ.

શનિવારના રોજ બપોરના અગીયાર વાગે ભરતભાઈ પરોયા ગયેલ હતા અને તે વખતે બપોરે બે વાગે સોનાલીએ ફોન કરી જણાવેલ કે જાકીરભાઈ તેમના પત્નિ જેબુનબેન તથા સલમાબેન તથા અન્ય બે સ્ત્રીઓ અને બીજા ચાર માણસો આવેલ છે અને આપણા ઘરનું તાળુ તોડી ઘરનો સામાન બહાર ફેંકે છે. ભરતભાઈ ઘરે આવેલ ત્યારે કેતુકાકે જણાવેલ કે ઘરનો સામાન બહાર ફેંકતા અમોએ રોકતા અમોને ગડદાપાટુનો માર મારી નીચે પાડી જાતી વિરૂદ્ધ શબ્દો બોલી કહેવા લાગેલા કે તમોને મકાન ભાડે આપાયુ જ નહી. તેમ કહી માર મારવા લાગેલા જેથી આ અંગે ભરતભાઈ પ્રેમચંદજી પરમારે ફરીયાદ નોંધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બોભા ગામે જુની અદાવત રાખી કારના કાચ તોડતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાના બોભા ગામે અગાઉ આરોપીઓની કુટુંબી દિકરી સાથે ફરીયાદીના દિયરે કોર્ટમાં મેરેજ કરી લેતા અદાવત રાખી પરીયાદીના ઘરે જઈ બિભત્સ ગાળો બોલી ગાડીના કાચ તોડી ફરીયાદીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપતા ચાર વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજના બોભા ગામે થોડાક સમય પહેલા ફરીયાદીના કુટુંબી દિયર સાથે આરોપીઓની કુટુંબની છોકરીએ કોર્ટમાં મેરેજ કરેલ હોઈ જેની અદાવત રાખી આરોપીઓ ફરીયાદીના ઘરે લાકડીઓ લઈ આવી તમો અમારી છોકરીને શોધી અમોને પરત શોપી દો તેમ કહીને બિભત્સ ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીના ઘર આગળ મુકેલ દિયર કિરણભાઈની વેગેનાર ગાંડી નં. જીજે.૯.બી. એ. ૨૩૦૯ના કાચ તોડી નાખી નુકશાન કરીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગીરી કરી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેર નામાનો ભંગ કરી ગુનો કરતા મનીષાબેન સુનીલભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અરવિંદભાઈ રણછોડભાઈ પટેલ, વિપુલભાઈ ભોળાભાઈ પટેલ, રાજુભાઈ અરવિંદભાઈ પટેલ, કાળાભાઈ પુંજાભાઈ પટેલ (રહે. બોભા) વિરૂદ્ધ ફરીયાદ થતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.